














ઈસુ મસીન દુખ વેઠવેનું પેલખું અઠવાડજય

બાયબલમાંહી મન દેવની વાર્તેમં,

વારતાવેં મળી સે

માથી ૨૬-૨૮, લુક ૨૨-૨૪, યોહાન ૧૩-૨૧

“ઝી આપડ જીવનમં ઈજવાળું આલે સે.”
ગીતસાસતર-૧૧૯:૧૩૦

લખવાવાળો Edward Hughes
સીતરો હાતેં Janie Forest

અનુવાદ કરવાવાળો સસીનકુમાર ભુરજયો
બણાવાવાળો Lyn Doerksen

Story 54 of 60

**M1914.org**

**Bible for Children, PO Box 3, Winnipeg MB R3C 2G1 Canada**


પરવાનગી: તમું ઈની વારતાવેંન સપાવેં સકો સે, ઈ સોપડજયેં વેસવા હારુ નેંમળે.


દેવ જાણે સે કે આપુંય એવા ગુના કરયા સે કે ઝેનંન તી પાપ ગણે સે ને પાપની સજયા મરણ સે. દેવ આપુનંન એતરો પરેમ કરે સે કે તેને તેન સોરા ઈસુ મસીન કાડયો કે, આપડ પાપોની સજયા હારુ તી કરુસ ઈપેર સડેન પુતેનો જીવ આલે. ઈસુ મસી મરયો ને પાસો જીવતો થાયન હરગમં સડી જયો. દેવ હાઉ આપડ પાપોની માફી આલેં સકે સે ઝો આપું આપડ ગુના ને પાપોહી બસવા માંગતં વેતે તેન પરાથના કરો. વાલા દેવ મન વીસવાહ સે કે ઈસુ મસીવેં માર હારુ પુતેના જીવનનું બલીદાન આલયું ને હાઉ તી પાસો જીવતો થાયો સે. એ દેવ તું માર જીવનમં આવ ને માર પાપો માફ કર. કેમકે હું એક નવું જીવન જીવી સકું ને કાયમ તાર હાતેં રેં સકું. એ દેવ મારી મદદ કર કે હું તાર સોરાન જેમ તાર હારુ જીવી સકું...આમેન. યોહાન ૩-૧૬

બાયબલ વાસેન રુજ રુજ દેવ હાતેં વાત કરો.

ભીલી Bhili




ના! દેવેં કોય ગુનો કરયો નેંહેતો. ગુનો કરયો નેંહેતો. ઈસુ પેલંહો જાણતો હેતો કે, કોય ભુંડો આદમીસ તેન મરાવેનો સે. ઝેરં ઈસુ નાનો હેતો તેરં સીમોન નામના એક ડુહાવેં મરીયમને કેદું હેતું કે, યો દુખ ગમે તેરં આવે સકે સે. ભુંડું બદી જગાવેં થાવેનું સે.
3
ઈસુન મરાવેનો હેતો તેના થોડાક દન પેલં એક બજયેર આવી ને તીનજયેં ઈસુન પોગં ઈપેર અસલ ગંદાવાવાળું અંતર સુપડયું. ઈસુન સેલાવેં કેદું, તે રુપજયાનો વગાડ કરી રી સે. પોણ ઈસુવેં કેદું કે, તીનજયેં તાજું કામ કરયું સે. તીનજયેં એવું માર ડટાવેની તીયારી હારુ કરયું સે. ઈ કીવી નવાય લાગે ઈવી વાતેં સે?
4
તેન પસે યહુદા ઝી ઈસુન બાર સેલામાંનો એક હેતો. સાંદીના તરીહ રુપજયા હારુ મુખય યાજકો હાતેં ઈસુન મરાવ દડવા તીયાર થાય જયો હેતો.
5
યહુદજયંના પાસકા તેવાર પસે ઈસુવેં તેન સેલું ખાવેનું પુતેના સેલા હાતેં ખાદું. ઈસુવેં તેનંન પુતેની એક ખાસ વાત કીદી. ઝી તેન પરેમ કરતા હેતા. તેને તેનંન બદંન વસમં વાટવા હારુ રોટો ને દરાગરોહ આલયો. તો તેન ઈયાદગીરી હારુ હેતું કે, ઈસુન ડીલ ને તેન લોય પાપજયંના પાપોની માફી હારુ આલ દેદું હેતું.
6
તેરં ઈસુવેં તેન સેલાન કેદું કે, તમું બદા માર હાતેં દગો કરેન મન મેલેન નાહે જાહો. પોણ પીતરેં કેદું કે, હું તન મેલેન નેંનાહું. તેરં ઈસુવેં કેદું કે, કુકડા બુલવા પેલ તું મન નથ વળખતો એમ તાંણ વખત કીહી.
7
તેન પસે ઈસુ તેન સેલા હાતેં ગેતસેમાની વાડીમ પરાથના કરવા જયો. તી પરાથના કરેન પાસો આયો ને તેનંન હુતીલા ભાળયા. તેરં ઈસુવેં પરાથના કરી કે, એ માર બા, ઈ દુખનો વાટકો માર કનહો સીટી કર. તે પોણ મારી મરજી પરમણે નેંપોણ, તારી મરજી પરમણે થાવા દે.
8
તીનીસ ઘડી મનખંનું એક ટોળું ગેતસેમાની વાડીમ આયું. તેનંની અગેવની યહુદા કરી રીયો હેતો. ઈસુવેં તેનંન કય નેંકરયું. પોણ પીતરેં એક આદમીનો કાનડો કાપ દડયો. ઈસુ તેન કાનડાન અડયો ને તેન હદાર દેદો. ઈસુ જાણતો હેતો કે, તેનંન હાથમં હવાય જાવેની દેવની મરજી હેતી.
9
તી ઈસુન હાયન મુટા યાજકના મેલમં લી જયા. ઝાં યહુદી અગેવનો ભેળા થાયલા હેતા તી પોણ કેતા હેતા કે, તેન માર દડો. તેરં પીતર પોણ સપાજયાન હાતેં હાઉ ઈસુનું હું થાહે તો ભાળે રીયો હેતો.
10
તાંણ વખત મનખંય પીતરને ભાળેન કેદું, તું પોણ ઈસુન હાતેં હેતો. પોણ તાંણ વખત પીતરેં નકાર કરયો ને ઝેમ ઈસુવેં કેદું હેતું તેમેસ પીતર હમ ખાયન કેવા લાગયો હું તેના મનખને નથ વળખતો.
11
તેતરામસ કુકડો બુલયો યે પીતર હારુ દેવની બુલી હેતી. ઈસુની કીદીલી વાત ઈયાદ કરેન પીતર બારતં જાયન જુરજુરનો ગાંગરવા લાગયો.
12
યહુદા ઘણો દુખી થાયો, તી જાણતો હેતો કે, ઈસુવેં કોય પાપ કે ગુનો કરયો નેંહેતો. યહુદાવેં સાંદીના તરીહ રુપજયા પાસા આલ દેદા. પોણ મુખય યાજકોવેં તી રુપજયા નેંલેદા.
13
યહુદા બારતં જયો, ને તી સાંદીના તરીહ રુપજયા નીસં ફેક દેદા. અન તાંહો જાયન પુતે ગળવા ખાયન મરી જયો.
14
મુખય યાજકો ઈસુન રોમના રાજપાલ પીલાત કન લીજયા. પીલાતેં કેદું, મન એના મનખમં કય ભુલ નથ ભળાતી. પોણ મનખં જુરજુરહં સીસાયન કેવા લાગયં. તેન કરુસ ઈપેર સડાવો! તેન કરુસ ઈપેર સડાવો.
15
એતરે પીલાતેં ઈસુન કરુસ ઈપેર સડાવા હુકમ આલ દેદો. સપાજયાવેં ઈસુન હાપટા મારયા, તેન ઈપેર મોડા ઈપેર થુકયા, ઘોદા વાદા. તેનંય લામા ને અણીદાર કાટાનો એક મુંગટ બણાવેન તેન મુનકા ઈપેર મેલયો. તેન પસે તેનંય ઈસુન મારવા હારુ લાકડાના કરુસ ઈપેર ઠોક દેદો.
16
ઈસુ પેલંહો જાણતો હેતો કે, મારું મરણ ઈવી રીતેં થાહે. તી યો પોણ જાણતો હેતો કે, તેનું મરણ તેનં પાપજયંની માફી હારુ ઝી તેનમં વીસવાહ કરે સે. ઈસુન હાતે? બે સોરટાન પોણ કરુસ ઈપેર સડાયા હેતા. એક ઈસુમ વીસવાહ રાખતો હેતો તી હરગમં જયો. પોણ બીજો નેંજાય સકયો.
17
તાંણેક વાગયા પસે ઈસુવેં કેદું, યો બદું પુરું થાયું. એમ ઈસુવેં જીવ સુડ દેદો. તેને તેનું કામ પુરું કરયું. ટેન સેલાવેં તેન એક નવી કબરમં ડાટ દેદો.
18